# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

आज़ादी का अमृत महोत्सव

G20 भारत 2023 INDIA वसुधैव कुटुम्बकम् ONE EARTH • ONE FAMILY • ONE FUTUR

**પરીપત્ર**

**વિષય : વર્ષ ૨૦૨૫-૨૬ની આંતર કોલેજ ક્રિકેટ (ભાઇઓ) ની સ્પર્ધામાં ભાગ લેવા અંગે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવા બાબત.**

અત્રેની યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટીના સ્પોર્ટ્સ કેલેન્ડર મુજબ પ્રતિ વર્ષ આંતર કોલેજ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના આંતર કોલેજ ક્રિકેટ (ભાઇઓ)ની સ્પર્ધાનું આયોજન તા.૨૯/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમિયાન કરવામાં આવનાર છે. આપની કોલેજ/ભવન જો ઉક્ત સ્પર્ધામાં ભાગ લેવા માંગતી હોય તો નીચે આપેલ ગુગલ ફોર્મની લિંકમાં જરૂરી વિગત ભરી, કોલેજ/ભવનના લેટરહેડ પર સ્પર્ધામાં ભાગ લેવા અંગેનું લખાણ(સહી/સિક્કા સાથે) તેમજ લેટરહેડ પર ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર અને તારીખ લખી ઓનલાઇન અપલોડ કરી આપની કોલેજ/ભવનની અરજી કન્ફર્મ કરવાની રહેશે. ઓનલાઇન ગુગલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૨૪/૧૨/૨૦૨૫ બપોરે ૦૧:૦૦ કલાક સુધીની રહેશે. ઉક્ત સ્પર્ધા અંગેનો ડ્રો અત્રેની યુનિવર્સિટી ખાતે તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ બપોરે ૦૪:૦૦ વાગ્યે કરવામાં આવશે તેમજ તે અંગેની જાણ વેબસાઇટ પર કરવામાં આવશે. આ અંગે જો કોઇ પ્રશ્ન હોય તો આપ મોબાઇલ નંબર ૯૪૨૮૩ ૭૩૫૧૫, ૯૮૭૯૧ ૯૯૭૨૩ પર સંપર્ક સાધી શકો છો. નીચે આપેલ અગત્યની સુચનાઓનો અભ્યાસ કરી એન્ટ્રી કરવાની રહેશે.

| ક્રમ | અગત્યની સુચનાઓ |
|---|---|
| ૧. | ઉક્ત સ્પર્ધામાં ભાગ લેવા માટે ટીમ દીઠ એન્ટ્રી ફી રકમ રૂ. ૨,૦૦૦/- રહેશે. ઉક્ત ફી ડીમાન્ડ ડ્રાફ્ટ "રજીસ્ટ્રાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી"ના નામનો બનાવવાનો રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ સ્પર્ધામાં ભાગ લેવા આવો ત્યારે એલિજીબીલીટી ફોર્મ સાથે સ્પર્ધા સ્થળ ખાતે જમા કરાવવાનો રહેશે. એક વખત એન્ટ્રી ફી ભર્યા બાદ પરત મળવાપાત્ર રહેશે નહી. |
| ૨. | ડાયરેક્ટ સિલેક્શન માટે આવનાર ખેલાડીઓએ રકમ રૂ. ૫૦૦/- સ્પર્ધા સ્થળ ખાતે જમા કરાવવાના રહેશે. |
| ૩. | રેફરી ચાર્જ રકમ રૂ. ૩૦૦/- તથા ગ્રાઉન્ડ મેન ચાર્જ રકમ રૂ. ૧૦૦/- અને બોલ ચાર્જ રકમ રૂ. ૪૦૦/- પ્રતિ મેચ સ્પર્ધા સ્થળ ખાતે સ્પર્ધા શરૂ થતા પહેલા ખાતે ભરવાની રહેશે. |
| ૪. | ટીમ દીઠ કુલ ભાગ લેનાર ૧૧ ખેલાડીઓ તથા અવેજીમાં ૪ ખેલાડીઓ સાથે લાવી શકાશે. |
| ૫. | એક મેચ ૨૦-૨૦ ઓવરની રહેશે. દરેક ટીમ ૨૦ ઓવર ૯૦ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે. એક બોલર વધુમાં વધુ ૪ ઓવર ફેંકી શકશે. પ્રથમ ૬ ઓવર પાવર પ્લેની રહેશે. નો બોલ માટે ફ્રી હિટ મળવાપાત્ર રહેશે. |
| ૬. | સ્પર્ધા માટે ક્રિકેટની કીટ અને હેલ્મેટ ખેલાડીઓએ પોતાની સાથે લાવવાની રહેશે. દરેક ખેલાડીઓએ ફરજિયાત સફેદ ડ્રેસ પહેરવાનો રહેશે. |
| ૭. | સ્પર્ધા સ્થળ ખાતે ખેલાડીઓએ આચાર્યશ્રી/ભવનના અધ્યક્ષના સહી/સિક્કા સાથેનું એલીજીબીલીટી ફોર્મ અને તેમાં દર્શાવેલ તમામ ડોક્યુમેન્ટ સાથે જોડવાના રહેશે. |
| ૮. | દરેક ખેલાડીઓએ સ્પર્ધાના સમયે ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે. |
| ૯. | ટીમ સાથે શારીરિક શિક્ષણ અધ્યાપકને જ મોકલવા. |
| ૧૦. | નિવાસ/ભોજનની વ્યવસ્થા જે તે કોલેજે પોતાની રીતે કરવાની રહેશે. |
| ૧૧. | ઉક્ત સ્પર્ધા અત્રેની યુનિવર્સિટી તેમજ એ.આઇ.યુ.ના નિયમોનુસાર રમવાની રહેશે. અમ્પાયરનો નિર્ણય આખરી રહેશે. |

**ગુગલ ફોર્મ લિંક:** https://forms.gle/PYtXfBWYnfvXRE8L7

for Co-ordinator
Physical Education Cell
Bhakta Kavi Narsinh Mehta University,
Junagadh (Gujarat).

ક્રમાંક:બીકેએનએમયુ/શા.શિ./૪૨૦ /૨૦૨૫, તા.૨૦/૧૨/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩

**પ્રતિ,**

અત્રેની યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

**નકલ રવાના :**

(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ... (જાણ અર્થે) (૨) આઇ.ટી. સેલ.... (વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)